## મોડાસામાં રેડીમેડ કપડાના શો-રૂમના ઉદ્‌ઘાટન પહેલા

# તસ્કરો દ્વારા ૪ લાખના કપડાંની લૂંટ








મોડાસા, તા. ૨૬

મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે ચોર લૂંટારુ ગેંગ સતત લૂંટ, તસ્કરીની ઘટનાને અંજામ આપી પોલીસતંત્રને ચેલેન્જ આપી રહી છે મોડાસા શહેરના માલપુર રોડ પર જજીસ બંગ્લોઝ સામે કપડાના શો-રૂમમાં ઉદ્ઘાટન પહેલા તસ્કરોએ ત્રાટકી ૪ લાખથી વધુના બ્રાન્ડેડ કપડાંની લૂંટ ચલાવી રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી મોડાસા ટાઉન પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના પોકળ દાવાઓની હવા કાઢી નાખી હતી મોડાસા ટાઉન પોલીસે રાબેતા મુજબ સ્થળ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસાના માલપુર રોડ પર આવેલા મારુતિ કોમ્પ્લેક્ષ માં નવીન રેડીમેડ કપડાના “વોર્ડરોબ” નામના શો-રૂમ નું ઉદ્ઘાટન રથયાત્રાના દિવસે હોવાથી શો-રૂમ માં બ્રાન્ડેડ કંપનીના કપડાં લાવી ગોઠવી દીધા હતા અને ઉદ્ઘાટનની તૈયારીમાં શો-રૂમ માલિક લાગી ગયા હતા મંગળવારે રાત્રી શો-રૂમ નું કામકાજ પતાવી શો-રૂમ ના શટરને બંધ કરી ઘરે ગયા હતા રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી શટરને વચ્ચે થી ઊંચું કરી શો-રૂમ માં પ્રવેશી ૪ લાખથી વધુની કિંમતના બ્રાન્ડેડ કપડાંની લૂંટ કરી ફરાર થઈ જતા શો-રૂમ માલિકને શટર તોડેલું હોવાનું આજુબાજુના દુકાનદારોએ જણાવતા શો-રૂમ માલિક દોડી આવ્યા હતા ઉદ્ઘાટન પહેલા જ શો-રૂમ લૂંટાતા બેબાકળા બન્યા હતા મોડાસા ટાઉન પોલીસને ચોરીની ઘટના અંગે જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી હતી મોડાસામાં સતત બનતી લૂંટની ઘટનાઓથી પ્રજાજનોમાં અને વેપારીઓમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે શો-રૂમના માલિક દિગ્વિજય સિંહના જણાવ્યા અનુસાર નજીકમાં જજીસ બંગ્લોઝ અને હોમગાર્ડ પોઈન્ટ હોવા છતાં કપડાંની લૂંટ થતા નવાઈ ઉપજે છે.

# રાજેન્દ્રનગર ચોકડી નજીક ટ્રિપલ અકસ્માત

## બસ અને બે ટ્રક ટ્રેલર અથડાતા ૪ ઈજાગ્રસ્ત

મોડાસા તાલુકાની અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર બેફામ ગતિએ પસાર થતા વાહનચાલકોને પગલે રાજેન્દ્ર નગર ચોકડી પર છાસવારે અકસ્માતની આવેલા લોકોએ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા ટ્રાફિક જામ થતા પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો

સલામત સવારી એસટી સર્જાયો હતો અકસ્માતમાં ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાં એસટી બસના ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી સદનસીબે બસમાં મુસાફરી કરતા મુસાફરોનો આબાદ




ઘટનાઓ બને છે હિંમતનગર થી મોડાસા તરફ આવતી બસ રાજેન્દ્ર નગર ચોકડી વળાંકમાં ટ્રક સાથે અકસ્માત થતા શામળાજી તરફથી આવતા અન્ય ટ્રક-ટ્રેલરે બસ સાથે ટકરાતા ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો એસટી બસ અને ટ્રકના આગળના ભાગના ભુક્કા બોલાઈ જતા ૪ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી તમારી સૂત્ર ના બદલે એસટી અમારી સલામતીની જવાબદારી તમારી ના સૂત્રની જેમ એસટી બસ અકસ્માતની ઘટનાનો ભોગ બની રહી છે હિંમતનગર-ખંભાત બસ ને.હા.નં-૮ પર રાજેન્દ્ર નગર ચોકડી પર મોડાસા તરફ વળાંક લેતા બસ ધડાકાભેર ટ્રક અને શામળાજી તરફથી આવતા ટ્રક-ટ્રેલર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિક જામ ને પૂર્વરત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



**લાબડીયા ખરણીયા પ્રાથમિક શાળાના બાળકોને ચંપલ, નોટબુક, પેનનું વિતરણ**

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના લાબડીયા ખરણીયા પ્રાથમિક શાળા ના વિધાર્થીઓને પગરખાં તથા નોટબુક પેન નું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે કાર્યરત મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંસ્થા તથા જાયન્ટસ ગૃપ ઓફ પોગલુ દ્વારા પોશીના તાલુકાના લાબડીયા ખરણીયા પ્રાથમિક શાળાના ૧૦૦થી પણ વધારે બાળકોને પગરખાં નોટબુક પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું તો વિધાર્થીઓને નવા પગરખાં નોટબુક પેન મળતાં બાળકોના ચહેરા ઉપર સ્મિત જોવા મલ્યુ હતું. તો આ પ્રસંગે મંગલોદય સેવા પ્રતિષ્ઠા સંસ્થાના મહંત સુનીલદાસજી મહારાજ, ડાૅકટર અર્પિતાબેન પટેલ, મિતેશ ભાઈ શાહ, અનુજ પટેલ, હર્ષ શાહ, સંદિપ પટેલ, જાગૃતિબેન પટેલ, શાળાના આચાર્ય રાણાભાઈ પ્રજાપતિ શાળા સ્ટાફ સહિત પોગલુ જાયન્ટસ ગુપના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં .

## રાજ્ય યુવક બોર્ડ અને એસ. ટી. વિભાગ દ્વારા વિધાર્થીઓને તેમની શાળામાં પાસ વિતરણ કરાયું

પાલનપુર, તા. ૨૬

હાલની અસહ્ય ગરમીમાં વિધાર્થીઓને પાસ મેળવવામાં મુશ્કેલી ન પડે અને અભ્યાસનો સમય બચાવી શકાય તે બાબતોને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્ય યુવક બોર્ડ, બનાસકાંઠા અને એસ. ટી. વિભાગના સંયુકત ઉપક્રમે વિવિધ શાળાના વિધાર્થીઓને તેમની શાળામાં જ પાસ વિતરણ કરવામાં આવ્યા હતાં. જેમાં પાલનપુર શહેર, પાલનપુર તાલુકો, વડગામ, ધાનેરા શહેર, ધાનેરા તાલુકો, ડીસા શહેર, ડીસા તાલુકાની શાળામાં પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય યુવક બોર્ડના સંયોજકોએ વોલેન્ટીયર તરીકે કામ કર્યુ હતું.

આ પ્રોજેકટ અંતર્ગત કાણોદર એસ. કે. એમ. વિધાલય ખાતે પાસ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુવા વિકાસ અધિકારીશ્રી પ્રિતેશભાઈ સોની, ગુજરાત રાજ્ય યુવક બોર્ડના જિલ્લા સંયોજકશ્રી ગૌરાંગભાઈ પાધ્યા, અગ્રણીશ્રી ગિરીશભાઈ જગાણીયા, શ્રી મુકેશભાઈ શ્રીમાળી, શ્રી મદીનાબેન શેખ, સંસ્થાના પ્રમુખશ્રી અને તાલુકાના સંયોજકશ્રી દેવેનભાઈ, શ્રી નિકુલભાઈ અને શ્રી રીતેશભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

## સાબરડેરી-ગઢોડા રોડ પર આઈસર અને બાઈક વચ્ચે અકસ્માત થતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના સાબરડેરીથી ગઢોડા જતા રોડ પર ચાર દિવસ અગાઉ આઈસર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બે જણાને ઈજા થઈ હતી. તે પૈકી એક ઈજાગ્રસ્તનું મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે તલોદ તાલુકાના જેઠાજીના મુવાડાના પ્રવિણસિંહ કોદરસિંહ ઝાલાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૩ જુનના રોજ સવારના સુમારે સાબરડેરીથી ગઢોડા જતા રોડ પર થઈને આઈસર નં. જીજે.૦૯.વી.૪૫૫૮ના ચાલકે આઈસરને ગફલત ભરી રીતે હંકારી બાઈક નં. જીજે.૦૯. સીઆર.૫૫૫૭ને આગળથી ટક્કર મારતા બાઈક પર જઈ રહેલ વિપુલસિંહ પ્રવિણસિંહ ઝાલા તથા ભવ્યરાજસિંહ વનરાજસિંહ ઝાલાને શરીરે ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ગંભીર ઈજાને કારણે ભવ્યરાજસિંહ ઝાલાનું મોત નીપજ્યુ હતુ. જે અંગે પ્રવિણસિંહ ઝાલાએ આઈસરના ચાલક વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ખેડબ્રહ્મા જ્યોતી હાઈસ્કુલ ખાતે ટી.બી. સહાય અને નિદાન અંગે માર્ગદર્શન

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા ની જ્યોતિ હાઈસ્કૂલમાં સીવીલ હોસપીટલના લક્ષણો અને તેનાથી બચવા માટે ટી.બી રોગની સહાય બાબતે મિટીંગ યોજી માહિતિ આપવામાં



ટી.બી વિભાગમાંથી સિનિયર ટ્રીટમેન્ટ સુપર વાઈઝર નરેન્દ્ર કુલકર્ણી, સિનિયર લેબોરેટરી સુપર વાઈસર, વી.જે મોદી અને જીલ્લા ક્ષયકેન્દ્ર, હિમતનગર નરસિંહ રાવલ-જિલ્લા પ્રાઈવેટ પબ્લીક મીક્ષ કો-ઓડીનેટર દ્વારા ટી.બી રોગના આવી હતી. જયોતિ હાઈસ્કૂલમાં મહાનુભાવો દ્વારા અંધશ્રદ્ધા, વ્યસનમુક્તિ જે બાબતોને લઈને પણ ખૂબજ સચોટ માહિતી આપી હતી. જે વિદ્યાથીઓને તેમજ સમાજ માટે ઉપયોગી નિવડશે તેવી આશા તેમને વ્યકત કરી છે.

## મોતીપુરા જીઆઈડીસીમાંથી ઓઈલ ચોરાયું

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ જીઆઈડીસીના એક ગોડાઉનમાંથી દસ દિવસ અગાઉ અજાણ્યા શખ્સો રૂ. ૫૦ હજારથી વધુની કિંમતના ઓઈલના નવ બોક્સની ચોરી કરી ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. સાઈ વિલા સોસાયટીમાં રહેતા હસમુખભાઈ કેશુભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ જુની રાત્રે તેમના મોતીપુરા જીઆઈડીસીમાં આવેલ પ્લોટ નં. ૧૧૧ના ગોડાઉનમાંથી ચોકીયાત તરીકે નોકરી કરતા ઘનશ્યામભાઈ પટેલ તથા સિદ્ધાર્થભાઈ જાદવે ગોડાઉનના પતરા ખોલી અંદર પ્રવેશી અંદાજે રૂ. ૫૦,૪૦૦ની કિંમતના ઓઈલના નવ બોક્સની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે હસમુખભાઈ પટેલને ખબર પડતા તેમણે બે જણા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## મોડાસામાં રેન્જ આઈ.જી મયંકસિંહ ચાવડા રથયાત્રા શાંતિ સમિતિ બેઠકમાં ઉપસ્થિત રહ્યા

મોડાસા, તા. ૨૬

મોડાસા શહેરમાં અષાઢી બીજ ૪ જુલાઈના રોજ ગુરુવારે યોજાનાર ૩૭ મી ભવ્ય રથયાત્રા નિમિત્તે મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા રેન્જ આઈ.જી મયંકસિંહ ચાવડાના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર રથયાત્રા શાંતિપૂર્ણ યોજાય તે



શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં રેન્જ આઈ.જી મયંકસિંહ ચાવડાની અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં જીલ્લા પોલીસવડા મયુર પાટીલ, જીલ્લાના પોલીસ અધિકારીઓ, રથયાત્રા ઉત્સવ સમિતિના સદસ્યો, તાજીયા કમિટી અને શહેરના હિન્દૂ-માટે સંવેદનશીલ છે. મોડાસા શહેરમાં યોજાતી ભવ્ય રથયાત્રામાં કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ઉભી ન થાય તેની તકેદારીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હોવાનું જણાવી પોલીસતંત્ર રથયાત્રા સમિતિના સ્વયંસેવકો સાથે સંકલનમાં રહી રથયાત્રા તેના નિયત રૂટ પરથી શાંતિપૂર્ણ માહોલમાં ઉલ્લાસપૂર્વક પસાર થાય-નિજમંદિરે સમયસર પરત ફરે તેમાટે વિશેષ ચર્ચા કરી હતી.

# સાબરડેરી દ્વારા દૂધના ભાવમાં વધારો કરાયો

## દૂધના ભાવમાં ૩૦ જ્યારે ગાયના દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટે ૨૦ વધશે

હિંમતનગર, તા. ૨૬

સાબરડેરીમાં નવા વોર્ડની રચના થયા બાદ નવા નિયામક મંડળે સાબરકાંઠા અને અરવલ્લીના અંદાજે ૩.૫૦ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને દૂધના પોષણક્ષમ ભાવ મળે તે દિશામાં સતત ચિંતા કરીને સાબરડેરીએ ત્રણ મહીનામાં ચોથી વખત ગાય અને ભેંસના દૂધના કિલો ફેટના ભાવમાં વધારો કર્યો છે. જે મુજબ તા. ૧ જુલાઈથી દૂધ ઉત્પાદકોને ભેંસના દૂધનો ભાવ પ્રતિ કિલો ફેટના રૂ. ૬૫૦ને બદલે રૂ. ૬૮૦ જ્યારે ગાયના દૂધનો ભાવ પ્રતિ કિલો ફેંટનો રૂ. ૬૨૦ને બદલે ૬૪૦ એટલે કે ગાયના દૂધના સમતુલ્ય ભાવ અંદાજે રૂ. ૨૯૦.૯૦ મુજબ મળશે.

આ અંગે સાબરડેરીના ચેરમેન મહેશભાઈ પટેલ તથા એમ.ડી. ડૉ. બી.એમ. પટેલના જણાવાયા મુજબ તાજેતરમાં સાબરડેરીના નિયામક મંડળની મળેલી બેઠકમાં દૂધ ઉત્પાદકોના હિતમાં તથા તેમને દૂધના ભાવ વધુ પોષણક્ષમ મળે તે માટે ચર્ચા કરીને દૂધના ભાવમાં વધારો કરવા માટે સર્વ સંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો. નવા નિયામક મંડળે ખુબ જ ટૂંકા ગાળામાં ગાય અને ભેંસના દૂધના ભાવમાં કરેલા ચોથી વખતના વધારાથી સાબરકાંઠા અને અરવલ્લીના દૂધ ઉત્પાદકોને સારો એવો ફાયદો થવાની શક્યતા નકારી શકાતી નથી.

નિયામક મંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આગામી તા. ૧ જુલાઈ ૨૦૧૯થી ભેંસના દૂધના ભાવમાં રૂ. ૩૦નો જે વધારો કરાયો છે તેના લીધે દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેંટના રૂ. ૬૮૦ ચુકવાશે. ગાયના દૂધના ભાવની વાત કરીએ તો તેમાં પણ પ્રતિ કિલો ફેંટે રૂ. ૨૦નો વધારો કરાયો છે. ગાયના દૂધનો જુનો ભાવ રૂ. ૬૨૦ હતો જે હવેથી રૂ. ૬૪૦ મુજબ એટલેકે દૂધનો સમતુલ્ય ભાવ ૨૯૦.૯૦ મુજબ ચુકવાશે.

બોર્ડના મિટીંગમાં દૂધ ઉત્પાદકોના હિતમાં અન્ય એક પણ નિર્ણય લેવાયો છે. જેમાં દૂધ ઉત્પાદકોએ વર્ષ દરમ્યાન સ્થાનિક ડેરી મારફતે જે દૂધ સારડેરીમાં મોકલ્યુ છે તેવા દૂધ ઉત્પાદકોને અંતિમ ભઆવ પેટે રૂ. ૨૦૦ કરોડ સત્વરે ચુકવવાનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી દૂધ ઉત્પાદકોને અંતિમ ભાવની રકમ જરૂરીયાત હોય ત્યારે મળતી ન હતી. પરંતુ આ વખતે નિયામક મંડળે કાયદાની જોગવાઈ મુજબ આ અંતિમ ભાવની રકમ આગામી બે-ત્રણ દિવસમાં સ્થાનિક મંડળીઓના ખાતામાં જમા આપી દેવાશે જેથી દૂધ ઉત્પાદકોને ખેતી ખર્ચ તથા બાળકોના ભણતર માટે તેનો ઉપયોગ કરી શકાશે.



નાબાર્ડ ચીફ જનરલ મેનેજર જે.એન. મિશ્રાએ તા. ૨૫ના રોજ સાબરડેરી ખાતે સાબરકાંઠા બેંક અને સાબરડેરીના ચેરમેન તથા ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરે મીટીંગ યોજાઈ હતી. આ પ્રસંગે સાબરકાંઠા બેંક અને સાબરડેરીના ચેરમેન મહેશભાઈ એ. પટેલે નાબાર્ડ નવનિયુક્ત સી જી એમ મિશ્રાનું પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડી સનમાન કરી આવકાર આપેલ. આ પ્રસંગે નાબાર્ડ ના સીજીએમ મિશ્રાએ બેંકની થાપણ, ધિરાણ, વસુલાત તથા ડિજિટલ બેન્કિંગ ક્ષેત્રે કરેલ પ્રગતિની પ્રશંસા કરી આનંદની લાગણી વ્યક્ત કરેલ હતી. સાબરડેરીની કામગીરી તમામ પાસાઓની માહિતીથી પણ તેઓ આનંદિત થયા હતા. ત્યારબાદ તેઓએ નવાનગર સેવા મંડળીની મુલાકાત લઈ મંડળી દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીની માહિતી મેળવી હતી અને ખેડૂત વર્ગ માટે મંડળી થકી થતી વિવિધ પ્રવૃત્તિથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

## મોડાસા લાયન્સ કલબ, લાયનશક્તિ અને માલપુર લાયન્સ કલબના હોદ્દેદારોની શપથવિધિ સમારોહ

મોડાસા, તા. ૨૬

સમગ્ર વિશ્વ અને ભારત દેશમાં સેવાકીય પ્રવૃતિઓમાં હંમેશા અગ્રેસર રહેતી લાયન્સ કલબ ઈન્ટરનેશનલની ૩૨૩૨, લાયન્સ કલબના શપથવિધિ સમારોહ પાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર લાયન ધર્મેશ સોની અને ભામાશા તરીકે અરવલ્લીમાં જાણીતા મહાસુખભાઈ પટેલની હેમલત્તાબેન પટેલ, ખજાનચી બકુલાબેન વાઘેલા અને માલપુર લાયન્સ કલબના પ્રમુખ ડૉ.ભાવેશ પટેલ, મંત્રી શ્રુતિ પટેલ અને ખજાનચી શિલ્પા પટેલે શપથ લીધા




બી-૧ ની મહત્વની કલબ મોડાસા લાયન્સ કલબ, લાયન્સ શક્તિ અને માલપુર લાયન્સ કલબની વર્ષ. ૨૦૧૯-૨૦ ના પ્રમુખ,મંત્રી અને અન્ય હોદેદારોની શપથવિધિ સમારોહ મોડાસામાં યોજાયો હતો

મોડાસા શહેરમાં ૫૪ વર્ષથી અવિરત સેવા પ્રવુતિ માટે જાણીતી લાયન્સ કલબ ઓફ મોડાસા, લાયન્સ શકિત અને માલપુર ઉપસ્થિતિમાં લાયન્સ સેવા મંદિર,લાયન્સ હોલ મોડાસા ખાતે યોજાયો હતો.

શપથવિધિ કાર્યક્રમમાં પાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર લાયન ધર્મેશ સોની દ્વારા મોડાસા લાયન્સ કલબની નવી ટિમ ના પ્રમુખ નવીન.વી પટેલ, મંત્રી જનક જોશી, ખજાનચી જય અમીન , લાયન્સ શક્તિના પ્રમુખ વનીતાબેન પટેલ, મંત્રી હતા આ શપથવિધિમાં પૂર્વ પ્રમુખ અને ઝોન ચેરમેન પરેશ શાહ,શક્તિ પ્રમુખ સૂર્યાબેન પુવાર, ડીસી ફૂડ ફોર હંગરના પ્રવીણ પરમાર, ડીસીજીએલટી ભાવેશ જયસ્વાલ, જાણીતા બિલ્ડર લા.કમલેશ પટેલ,મનુ પટેલ,સુરેશ પટેલ અને લાયન્સ સોસાયટી મોડાસાના બોર્ડ ઓફ ડિરેકટર અને શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લાખણીના કુડા હત્યાકાંડનો ભેદ ઉકેલાયો

# વ્યાજખોરોના ત્રાસથી પિતાએ જ પરિવારના સભ્યોની હત્યા કરી

પાલનપુર, તા. ૨૬

લાખણી તાલુકાના કુડા ગામે સપ્તાહ અગાઉ એક જ પરિવારના ચાર સભ્યોની રાત્રિના સમયે ભરઉંઘમાં નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ હત્યા કોણે અને કયા કારણોસર કરી તે રહસ્ય ઉપરથી મંગળવારે પોલીસે પડદો ઉંચો કર્યો હતો. જેમાં વ્યાજખોરોના ત્રાસથી ઘરના મોભીએ જ પરિવારના સભ્યોની હત્યા કરી પોતે જાતે ઝેરી દવા પી ગટગટાવી આત્મહત્યા કરી હોવાનુંહ સાથે સાથે આ હત્યાકાંડ સર્જવા માટે ઘરના મોભીને મજબુર કરનારા બે વ્યાજખોરોની પણ પોલીસે અટકાયત કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરી હોવાનું જિલ્લા પોલીસવડા જણાવી રહ્યા છે.

લાખણી તાલુકાના કુડા ગામે સપ્તાહ અગાઉ ઘસઘસાટ નિંદ્રામાં સુતેલા અણદી બેન કરશનજી પટેલ (પત્ની), ઉકાભાઈ કરશનજી પટેલ (પુત્ર), ભાવનાબેન કરશનજી પટેલ (પુત્રી) અને સુરેશભાઈ કરશનજી પટેલ (પુત્ર)ના ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા મારી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. જ્યારે ઘરના મોભી કરશનજી પટેલ ઘરના આંગણામાં ઝેર પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. જેમનું સોમવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. દરમિયાન આ હત્યા કોણે અને કયા કારણોસર કરી તેને લઈને રહસ્યના તાણાંવાણા સર્જાવા પામ્યા હતા. જે હત્યાનો ભેદ મંગળવારે પોલીસે ઉકેલ્યો હતો.

**કુટુંબના મોભીએ જ હત્યાકાંડને અંજામ આપ્યો**

આ અંગે જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળે જણાવ્યું હતુ કે, હત્યાકાંડની તપાસમાં સાંયોગીક અને દાર્શનીક પુરાવા જોતા પરિવારના ચાર સભ્યોની હત્યા કરશનભાઈએ જ કરી હોવાનું પ્રાથમિક તારણ આવ્યું છે. કરશનભાઈના હાથમાં પડેલા કોલસાના ડાઘ, તેમના હાથમાંથી પડેલા લોહીના ટપકાં બનાવની જગ્યાની પાછળ આવેલા રસોડા સુધી જોવા મળ્યા છે. આ ઉપરાંત ગુનામાં વપરાયેલી કુહાડી પણ કરશનભાઈની પોતાની છે. પ્રાથમિક તારણ કે, કરશનભાઈ સોનાજી પટેલ વ્યાજખોરોની ઉઘરાણીના ત્રાસથી આવેશમાં આવી જઈ પોતાના ઘરના તમામ સભ્યોને મારી નાંખી ત્યારબાદ ઝેરી દવા પી પોતે પણ મરી ગયા છે.

**શા માટે હત્યાકાંડ સર્જાયો ?**

કરશનભાઈ છ માસ અગાઉ લાખણી તાલુકાના તેમના વતન કેશરસિંહ ગોળીયા ગામે રહેતા હતા. તેઓના પુત્ર ઉકાભાઈએ લાખણીમાં પ્લાસ્ટીક મટેરીયલ્સ વેચવાનો ધંધો શરૂ કર્યો હતો. જેમાં નુકશાન થતાં લાખણીના ઉદેસિંહ મફતસિંહ વાઘેલા પાસેથી રૂપિયા ૪ લાખ વ્યાજે લીધા હતા.